| | | | |
|---|---|---|---|
| ફાઈલ તારીખ | ૧૨/૦૩/૨૦૨૬ | | |
| દાખલ તારીખ | ૧૨/૦૩/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | ૨૭/૦૩/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૦ | ૦૦ | ૧૫ |

---

**મહેરબાન ભરૂચના પાંચમાં એડીશનલ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુકામ : ભરૂચ**

---

**ફોજદારી પરચુરણ અરજી નં. ૧૯૬/૨૦૨૬**

**આંક : –**

**અરજદાર/આરોપી :– પ્રિતેશભાઈ ભરતભાઈ રાણા,**
રહે. સાકરલાલની ચાલ, ભરૂચ,
હાલ : સબજેલ, ભરૂચ.

**વિરૂધ્ધ...**

**સામાવાળા :– ધ સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :– બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.**

---

અરજદાર તરફે વિ. વ. શ્રી ડી. ડી. મિસ્ત્રી
સરકારશ્રી તરફે વિ. એ.પી.પી.શ્રી જે. જે. પરમાર

---

**–:: ચુકાદો ::–**

(૧) ભરૂચ સીટી 'એ' ડિવીઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૯૦૧૦૨૬૦૧૬૪/૨૦૨૬ થી બી.એન.એસ. ની કલમ–૧૦૫, ૧૨૬(૨), ૩૦૮(૩), ૩(૫) મુજબનાં ગુનાનાં કામે અરજદાર/આરોપી તરફે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા હાલની જામીન અરજી કરેલ છે.

(૨) અરજદાર/આરોપીનાં વિ.વકીલશ્રી તથા વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા, ત.ક.અધિકારીશ્રી તરફે રજુ **આંક–૦૫** નું સોગંદનામું, આરોપી તરફે **આંક–૦૩** નાં લીસ્ટથી રજુ દસ્તાવેજોને ધ્યાને લીધા.

(૩) અરજદાર/આરોપીનાં વિ.વકીલશ્રીની મુખ્યત્વે એવી દલીલ છે કે, ઉપરોકત ગુનાના કામે અરજદાર/આરોપીને તા. ૨૨/૦૨/૨૦૨૬ ના રોજ અટક કરી મહે. ભરૂચનાં જયુડી. મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષ રજુ કરી રીમાન્ડની માંગણી કરેલ અને રીમાન્ડ નામંજુર થતા આરોપીને જયુડી. કસ્ટડીમાં મોકલી આપેલ, ત્યારથી આરોપી જયુડી. કસ્ટડીમાં છે, જેથી હાલની જામીન અરજી દાખલ કરેલ છે. વધુમાં દલીલ છે કે, અરજદાર/આરોપી નિર્દોષ છે કહેવાતો કોઇ ગુનો એકલા કે સંયુકત રીતે કરેલ નથી અને ગુનાનાં કામે કોઇ રોલ નથી અને ગુનામાં ખોટી રીતે સંડોવી દીધેલ છે, આરોપીએ બનાવનાં દિવસે મરણજનાર સાથે કોઇ વાર્તાલાપ કરેલ નથી, ખરી હકીકતે બનાવનાં દિવસે આરોપી બનાવ સ્થળે હાજર હતા ત્યારે અચાનક મરણજનાર ઉર્વીશભાઇની તબીયત બગડતા આરોપીએ મરણજનારને ઉચકીને ગાડીમાં બેસાડેલ અને હોસ્પીટલ લઇ ગયેલા અને આ બધી જ પ્રક્રિયા બનાવ સ્થળે લાગેલા કેમેરામાં કેદ થયેલ છે, જેથી તા. ૨૦/૦૨/૨૬ નાં રોજ પોલીસે જવાબ લઇ આરોપીને તરત જ છુટા કરેલ હતા અને આરોપી લોનનાં નાણાંની વસુલાતનો કોઇ વ્યવસાય કરતા નથી તેમજ એફ.આઇ.આર. જોતા આરોપીને સાંકળતો કોઇ સ્પષ્ટ પુરાવો ફલીત થતો નથી, જેથી જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, એફ.આઇ.આર. જોવામાં આવે તો, ફરીયાદીનાં પતિને હાર્ટની દવા ચાલુ હતી અને ડોકટરે આરામ કરવાની સલાહ આપેલ હતી તેમ છતા ગરમીમાં ફરીયાદીનાં પતિ ફરીયાદીને લેવા ગયા હતા અને અસહય ગરમીને કારણે તેમનું હાર્ટ ફેઇલ થતા અચાનક તબીયત બગડી ગયેલ હતી, જે હકીકત ધ્યાને લઇ પણ આરોપીને જામીન મુકત કરવા રજુઆત

કરેલ છે. વધુમાં રજુઆત છે કે, મરણજનારનું જે મોત થયેલ છે તે હાર્ટ ફેઇલ થવાનાં કારણે નેચરલ મોત થયેલ છે અને તે મોતને મનુષ્ય વધનાં ગુનામાં ફેરવવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે અને ખરેખર મનુષ્ય વધ હતુ કે કેમ ? તે ટ્રાયલનો વિષય છે અને કેસ પૂર્ણ થવામાં ઘણો સમય થાય તેમ છે, જેથી આરોપીને જેલમાં રાખવાથી પ્રિ–ટ્રાયલ કન્વીકશનનો ભોગ બની રહે તેમ છે, જેથી આરોપીને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, હાલનાં અરજદાર/આરોપીએ મરણજનારને કોઇ ધમકી આપેલ નથી તેમજ કોઇ ગુનાહિત ઈતિહાસ નથી. વધુમાં રજુઆત છે કે, આરોપી ભરૂચનાં સ્થાયી રહેવાસી છે, સ્થાવર તથા જંગમ મિલકત ધરાવે છે અને નાસીભાગી જાય તેવા ઇસમ નથી અને ટ્રાયલ દરમ્યાન નિયમીત કોર્ટમાં હાજર રહેવાની ખાતરી આપે છે તેમજ અરજદાર/આરોપીનો કોઇ ગુનાહિત ભુતકાળ નથી તેમજ જામીન ઉપર મુકત કરવામાં આવે તો, પુરાવા સાથે ચેડા કરશે નહી અને સાક્ષીઓને ફોડશે નહી તેવી બાંહેધરી આપે છે અને અરજદાર/આરોપી નામ. કોર્ટ જણાવે તે તમામ શરતોનું પાલન કરવા તૈયાર છે, જેથી આરોપીને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ આઇ.ઓ.નાં **આંક–૦૫** નાં સોગંદનામાને અનુરૂપ મહત્વની દલીલ કરી રજુઆત કરેલ છે કે, આરોપીનો ગુનાનાં કામે રોલ જોવામાં આવે તો, હાલનાં અરજદાર/આરોપી તથા અન્ય સહ–આરોપી સંજુકુમાર તથા યોગેશકુમાર તથા ભાવેશભાઇનાઓએ ભેગા મળી મરણજનાર ઉર્વીશભાઇ મોદીની એકટીવા ગાડી ઉભી રખાવી અરજદાર/આરોપીએ મરણજનારને નંબર પ્લેટ કયાં છે, તે બહાનાં હેઠળ ધમકાવી અને મરણજનાર તથા ફરીયાદીએ મરણજનારને હાર્ટની બિમારી છે તે બાબતે જણાવવા છતા ધમકાવવાનું ચાલુ રાખેલ, જેનાં કારણે મરણજનાર ગભરાઇ જતા મરણ ગયેલ છે અને

સહ–આરોપી યોગેશભાઇ બેલેરાવનાઓએ મરણજનાર થોડા મહિના અગાઉ ઝોમેટોમાં ફુડ ડિલીવરીનું કામ કરતા હતા તે વખતે મરણજનારનાં એકટીવાનાં હપ્તા બાકી હતા, જેથી મરણજનારને ઉભા રખાવી હપ્તા ભરેલ નથી, તેમ ધમકાવી રૂા. ૪,૦૦૦/– લઇ લીધેલ. વધુમાં રજુઆત છે કે, બનાવ સમયે આરોપીઓ સ્થળ ઉપર હાજર હોય તે સી.સી.ટી.વી. કેમેરામાં સ્પષ્ટપણે જણાઇ આવેલ છે તેમજ ચારેય આરોપીઓનાં મોબાઇલ નંબરનાં સી.ડી.આર./એસ.ડી.આર. ની માહિતી મેળવતા એકબીજા સાથે સંપર્કમાં હતા અને તમામનાં બનાવવાળી જગ્યાએ લોકેશન જણાય આવેલ છે અને મરણજનારે પોતાની એકટીવા એલ. એન્ડ ટી. ફાઇનાન્સમાંથી હપ્તાથી લીધેલ હોય જે હપ્તા મરણજનારે સને–૨૦૨૩ ની સાલમાં ભરી દીધેલ હોય તેમ છતા આરોપીઓએ ફરીયાદી પાસે નંબર પ્લેટનાં બહાના હેઠળ રૂપીયા કઢાવવા માટે મરણજનારને ધમકાવેલ અને મરણજનારને હાર્ટની બિમારી છે તેવુ મરણજનારે જણાવેલ તેમ છતા પોતાનાં આર્થિક ફાયદા સારૂ નાણાં મેળવવા માટે ધમકાવવાનું ચાલુ રાખતા મરણજનાર ગભરાઇ જતા મરણ ગયેલ છે, જેથી આરોપીને જામીન મુકત ન કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, હાલનાં અરજદાર/આરોપી તથા અન્ય સહ–આરોપીઓ એમ તમામ આરોપીઓ ગુનાહિત ઇતિહાસ ધરાવે છે અને જો જામીન મુકત કરવામાં આવશે તો પોતે માથાભારે સ્વભાવનાં હોય ફરીયાદી/સાહેદોને ધાકધમકી આપી નુકસાન પહોંચાડવાની પુરી સંભાવના છે અને ગુનાની પ્રાથમિક તપાસ થયેલ છે અને હજી ઉંડાણપૂર્વક અને ઘણી તપાસ કરવાની બાકી છે, જેથી આરોપીને જામીન મુકત ન કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપી આવી જ રીતે ભરૂચ શહેર તથા આજુબાજુનાં વિસ્તારોમાં વાહનના હપ્તા ભરેલ ન હોય તેવા નંબર પ્લેટ વગરનાં વાહનો રોકાવી વાહન ચાલકોને વાહન સીઝ કરી દેવાની ધમકીઓ આપી ગેરકાયદેસર નાણાંઓ મેળવી લીધેલાનું તપાસ દરમ્યાન હકીકત જાણવા મળેલ છે અને આ બાબતે

ભોગબનનાર વાહન ચાલકોને આ બાબતે હકીકત જાણવા મળે છે તેમ તેમ પોતે પો.સ્ટે. ખાતે આવી જાણ કરતા નિવેદનો લેવામાં આવે છે, જો આરોપીને જામીન મુકત કરવામાં આવશે તો, આવા સાહેદોને પો.સ્ટે. આવતા રોકશે, જેનાં કારણે તપાસને નુકસાન થાય તેમ છે, જેથી આરોપીને જામીન મુકત ન કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, હાલનાં અરજદાર/આરોપી તથા સહ-આરોપી યોગેશભાઈ બેલેરાવ પોતાનાં મોબાઈલમાં તેમની ઉપરી એજન્સી AYAZAL ENTERPRISE તથા MALBARI ENTERPRIS ની એપ્લીકેશન વાપરતા હતા અને તેઓ મોબાઈલ નં. ૯૬૦૧૦૩૩૬૮૪ થી વાતચીત કરી વોટસઅપમાં વાહન નંબર તથા વાહનનો ફોટો મોકલી વાહનના કેટલા હપ્તા બાકી છે તે કન્ફર્મ કરી વાહન જમાં લેવાનું કામ કરતા હતા આ બાબતે એજન્સીઓ પાસે જઈ કેટલા વાહનો સીઝ કરેલ છે, તે બાબતે વાહન ચાલકો અંગે તપાસ કરવાની હોય, જેથી આરોપીને જામીન મુકત ન કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપીને જામીન આપવામાં આવશે તો કાયદાનો ડર નહી રહે અને ફરીથી આવી રીતે ગેરકાનુની કામ ચાલુ રાખશે અને નિર્દોષ નાગરીકોને ધમકાવી તેમની પાસેથી ખોટી રીતે નાણાં પડાવવાનું શરૂ રાખશે અને બીજા ઇસમો પણ આવા ગુના કરતા ખચકાશે નહી, જેથી આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) આરોપી સામેના આક્ષેપીત ગુનાની હકીકત જોવા એફ.આઇ.આર. તથા પોલીસ પેપર્સ ધ્યાને લેતા, ફરીયાદી તથા મરણજનાર તેમની એકટીવા લઈ ઘરે જતા હતા તે વખતે આરોપીઓએ ગેરકાયદેસર તેઓની એકટીવા અટકાવી એકટીવાની નંબર પ્લેટ કેમ હજુ સુધી લગાડેલ નથી તેમ જણાવી રૂપિયા પડાવવા ધમકાવી ફરીયાદીએ મરણજનારને હાર્ટની તકલીફ હોવાનું જણાવેલ હોવા છતા આરોપીઓએ ધમકાવવાનું ચાલુ રાખતા મરણજનાર ડરી જતા મરણ ગયેલ હોવાનું ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ છે. વધુમાં પોલીસ

એફીડેવીટ તથા પોલીસ પેપર્સ જોતા, હાલનાં અરજદાર/આરોપી તથા અન્ય સહ–આરોપીઓ બનાવ સ્થળે હાજર હોય તે અંગેનાં સી.સી.ટી.વી. ફુટેજ પોલીસે તપાસનાં કામે મેળવેલા છે અને જેમાં આરોપીઓ તથા ફરીયાદી તથા મરણજનાર તેમનાં ટુવ્હીલર સાથે સ્પષ્ટપણે જણાય આવેલ છે. વધુમાં પોલીસે આરોપીઓનાં મોબાઈલનાં સી.ડી.આર. તપાસનાં કામે મેળવેલ છે, જેમાં આરોપીઓ એકબીજા સાથે સંપર્કમાં હોવાનું જણાય આવેલ છે. વધુમા પોલીસ પેપર્સ જોતા, પોલીસે બનાવ નજરે જોનાર સાહેદોનાં નિવેદનો મેળવેલ છે તેમજ પોલીસ તપાસમાં એવી હકીકત ખુલેલી છે કે, મરણજનારે પોતાની એકટીવાનાં એલ. એન્ડ ટી ફાઈનાન્સમાંથી હપ્તા કરી લીધેલ હોય જેનાં હપ્તા મરણજનારે ૨૦૨૩ ની સાલમાં ભરી દીધેલ હોય તેમ છતા આરોપીઓએ પૈસા કઢાવવા નંબર પ્લેટનાં બહાનાં હેઠળ મરણજનારને હાર્ટની બિમારી છે તેવું જાણતા હોવા છતા ધમકાવેલા છે તેવી હકીકતો ખુલેલી છે અને હાલનાં ગુનાનાં આરોપીઓ આવી જ રીતે ભરૂચ શહેર તથા આજુબાજુનાં ગ્રામ્ય વિસ્તારોમાં વાહનના હપ્તા ભરેલ ન હોય તથા નંબર પ્લેટ વગરનાં વાહનો રોકાવી વાહન ચાલકોનાં વાહન સીઝ કરી દેવાની ધમકીઓ આપી ગેરકાયદેસર નાણાંઓ મેળવી લીધેલ હોય તેવી હકીકતો તપાસ દરમ્યાન ખુલેલી છે અને જેમ જેમ ભોગબનનાર વાહન ચાલકોને આ અંગેની જાણ થાય છે તેમ તેમ પોલીસ સ્ટેશન ખાતે આવી જાણ કરતા નિવેદનો લેવામાં આવે છે. આમ, જો આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો, આવા સાહેદો પો.સ્ટે. આવતા અચકાશે અને જેનાં કારણે તપાસમાં નુકસાન થાય તેમ છે, તે સંજોગોમાં આરોપી સામેનો પ્રાઈમાફેસી કેસ તેમજ પોલીસે મેળવેલ પુરાવાઓ તેમજ ગુનાની તપાસ ચાલુ હોય, આરોપીને જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું નથી.

(૬) વધુમાં પોલીસ એફીડેવીટ મુજબ હાલનાં અરજદાર/આરોપી સામે વાપી પો.સ્ટે. તથા ભરૂચ પો.સ્ટે.માં પ્રોહીબીશનનાં ગુના દાખલ

થયેલાનું જણાય છે. આમ, આરોપી ગુનો કરવાની ટેવવાળા હોય તેમ સ્પષ્ટ થાય છે. વધુમાં પોલીસ એફીડેવીટ મુજબ આ ગુનાનાં અન્ય સહ–આરોપી યોગેશ ઉર્ફે ભાલેરાવની સામે પ્રોહીબીશનનાં તથા આવા પ્રકારનાં અન્ય ગુનાઓ મળી કુલ–૧૦ ગુના નોંધાયેલા છે તથા અન્ય સહ–આરોપી ભાવેશ ઉર્ફે જલેબી રાજુભાઇ વસાવા સામે બે પ્રોહીબીશનનાં ગુનાઓ તથા એક જુગારધારા અન્વયેનો ગુનો નોંધાયેલ છે તથા અન્ય સહ–આરોપી સંજુકુમાર રામધ્યાન વસાવાની સામે ત્રણ પ્રોહીબીશનનાં ગુના તથા એક ઇ.પી.કો. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબનો ગુનો તથા આવા પ્રકારનાં અન્ય બે ગુનાઓ નોંધાયેલા છે. આમ, હાલનાં અરજદાર/આરોપી તથા અન્ય સહ–આરોપીઓનો ગુનાહિત ઇતિહાસ ધ્યાને લેતા, આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો, આરોપી ફરીથી આવા ગુના કરે તેવી શકયતાઓ છે, તે સંજોગોમાં પણ આરોપીને જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું નથી.

(૭) આમ, ઉપરોકત ચર્ચા કરી તે મુજબ આરોપી સામેના ગુનાની ગંભીરતા, પ્રાઇમાફેસી કેસ, ગુનાહિત ઇતિહાસ તથા હાલ ગુનાની તપાસ ચાલુ હોય તે તમામ હકીકતો તથા સંજોગો જોતા આરોપીને જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતુ ન હોય હાલની જામીન અરજી નામંજુર કરતો છેવટનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) અરજદાર/આરોપી **પ્રિતેશભાઇ ભરતભાઇ રાણા,** રહે. સાકરલાલની ચાલ, ભરૂચ, હાલ : સબજેલ, ભરૂચનાઓની ભરૂચ સીટી 'એ' ડિવીઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૯૦૧૦૨૬૦૧૬૪/૨૦૨૬ થી બી.એન.એસ. ની કલમ–૧૦૫, ૧૨૬(૨), ૩૦૮(૩), ૩(૫) મુજબના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત થવાની હાલની જામીન અરજી **નામંજુર** કરવામાં આવે છે.

(૨) આ હુકમની જાણ સંબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

(૩) આ હુકમની એક નકલ સંબંધીત જેલમાં આરોપીને આપવા માટે મોકલવી અને સુપ્રિન્ટેન્ડન્ટ/જેલરશ્રીએ આરોપીને નકલ આપ્યાનો અત્રેની કોર્ટને રીપોર્ટ કરવો.

આ હુકમ આજ **તા. ૨૭ મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬** ના રોજ અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૭/૦૩/૨૦૨૬
સ્થળ : ભરૂચ

**(પિંકલ એમ. સોની )**
પાંચમા એડીશનલ સેસન્સ જજ,
ભરૂચ.
**(કોડ નં. જી.જે. ૦૦૭૪૭)**

SUC